# પ્લાન નં. ૯૩૬ જીવન લાભ-લિમીટેડ પ્રીમીયમ એન્ડાઉમેન્ટ પ્લાન (બોનસ સાથે)

આ પ્લાન ૮ વર્ષ (પૂર્ણ) થી ૫૯ વર્ષની ઉંમર સુધીની કોઈપણ વ્યક્તિ લઈ શકે છે. પોલીસી પાકતી વખતે મહત્તમ ઉંમર, પોલીસીની મુદત તથા પ્રીમીયમ ભરવાની મુદત પ્રમાણે જુદી જુદી હોય શકે છે. જે નીચે મુજબ છે.

| પોલીસીની મુદત | પ્રીમીયમ ભરવાની મુદત | વીમો લેતી વખતે વધુમાં વધુ ઉંમર | પોલીસી પાકતી વખતે વધુમાં વધુ ઉંમર |
|---|---|---|---|
| ૧૬ વર્ષ | ૧૦ વર્ષ | ૫૯ વર્ષ | ૭૫ વર્ષ |
| ૨૧ વર્ષ | ૧૫ વર્ષ | ૫૪ વર્ષ | ૭૫ વર્ષ |
| ૨૫ વર્ષ | ૧૬ વર્ષ | ૫૦ વર્ષ | ૭૫ વર્ષ |

:: સેટલમેન્ટ ઓપ્શન ::
પાકતી મુદતે મળતી રકમ અને ડેથ બેનીફીટની રકમ હપ્તેથી લઈ શકાશે.

લોન તથા સરન્ડર વેલ્યુ ૨ વર્ષ બાદ મળી શકશે.

- ઓછામાં ઓછી વીમા રકમ રૂા. ૨,૦૦,૦૦૦ /- ત્યારબાદ ૧૦,૦૦૦ના ગુણાંકમાં.
- પ્રીમીયમ વાર્ષિક, છ માસિક, ત્રિમાસિક, ECS/SSS થી ભરી શકાય છે.
- પ્રીમીયમ ભરવામાં વળતર - ટેબ્યુલર પ્રીમીયમનાં (મોડ રીબેટ) : વાર્ષિક મોડ માટે : ૨%, છ માસિક મોડ માટે : ૧%
- છુટનાં દિવસો : વાર્ષિક, છ-માસિક અને ત્રિમાસિક મોડ માટે ૧ મહિનો અથવા ઓછામાં ઓછા ૩૦ દિવસ, ECS/SSS મોડ માટે ૧૫ દિવસ રહેશે.
- મોટી વીમા રાશી પર વળતર (Sum Assured Rebate) દર ૧૦૦૦ની વીમા રાશી ઉપર : ૫ લાખ થી ૯,૯૦,૦૦૦ સુધી રૂા. ૧.૨૫, ૧૦ લાખ થી ૧૪,૯૦,૦૦૦ સુધી રૂા. ૧.૫૦, ૧૫ લાખ કે તેથી વધુ રૂા. ૧. ૭૫
- આ પ્લાનમાં પોલીસીનાં ૨ વર્ષના પ્રીમીયમ ભરાયા પછી પોલીસી લોન મળી શકે છે.
- આ પોલીસી નાણાંકીય વર્ષની શરૂઆતની તારીખ સુધી (Dating Back) પાછળની તારીખથી લઈ શકાય છે તથા લિયન મંથનો લાભ મળી શકે છે.
- છુટના દિવસો દરમ્યાન ન ભરાયેલ પ્રીમીયમ તારીખથી પોલીસી બંધ ગણાશે. આવી બંધ થયેલ પોલીસી ન ભરાયેલ પ્રીમીયમની તારીખથી ૫ વર્ષની અંદર ચાલુ કરાવી શકાશે.
- આ પ્લાનમાં ટર્મ રાઈડરનો લાભ મળી શકે છે જે વીમાની રકમ જેટલો (વધુમાં વધુ ૨૫ લાખ સુધીનો) મળી શકશે. ટર્મ રાઈડરનું પ્રીમીયમ પણ પ્રીમીયમ ભરવાની મુદત સુધી જ ભરવાનું રહેશે તથા જોખમ પોલીસીની મુદત સુધી ચાલું રહેશે.
- ઉંમરનો માન્ય પુરાવો ફરજીયાત છે. નોન સ્ટાન્ડર્ડ એઈજ પ્રુફ NSAP I, II, III હેઠળ નોન મેડીકલ જનરલમાં આ પ્લાન મળી શકશે. આ પોલીસી એસાઈન કરી શકાય છે.
- આ પ્લાનમાં અકસ્માત તથા અપંગતા બેનીફીટ રાઈડરનો લાભ વીમાની પુરેપુરી મુદત સુધી અથવા વીમેદારની ઉંમર ૭૦ વર્ષની થાય ત્યાં સુધી-બે માંથી જે પ્રથમ પૂર્ણ થાય ત્યાં સુધી મળી શકશે.
- આ પોલીસી એસાઈન કરી શકાય છે. KYC ફરજીયાત છે.
- આ પ્લાનમાં પ્રીમીયમ ઉપર નિયમ પ્રમાણે સર્વિસ ટેક્ષ ચાર્જ કરવામાં આવશે.
- જીવન વીમાનું પ્રીમીયમ આવકવેરાની કલમ ૮૦- સી મુજબ નિયમ પ્રમાણે બાદ મળશે.
- પ્રપોઝલ ફોર્મ : વીમો લેતી વખતે બાળકની ઉંમર ૧૦ વર્ષ કે તેથી ઓછી હોય તો ફોર્મ ૩૬૦/૩૬૨, બાળકની ઉંમર ૧૦ વર્ષ કરતા વધુ હોય તો ફોર્મ : ૩૪૦ / ૩૪૨ (રીવાઈઝ્ડ) તથા પ્રીમીયમ વેવર માટે ફોર્મ ૩૦૦ / ૩૦૨ (રીવાઈઝ્ડ) વાપરવું.

પ્રીમીયમ વેઈવર બેનીફીટ મળી શકશે.

### ૩૦ વર્ષની ઉંમરની વ્યક્તિની ૨૫ વર્ષની મુદતની પોલીસીની ગણતરી (પ્રીમીયમ ભરવાની મુદત ૧૬ વર્ષ)

| | | |
|---|---|---|
| વીમાની રકમ<br>પ્રીમીયમ YLY | ૨,૦૦,૦૦૦<br>૯,૬૦૫ | ૫,૦૦,૦૦૦<br>૨૩,૮૮૮ |
| વીમો પાકતા મળતી રકમ | ૨,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| બોનસ અંદાજે | ૨,૫૦,૦૦૦ | ૬,૨૫,૦૦૦ |
| અંતિમ બોનસ | ૯૦,૦૦૦ | ૨,૨૫,૦૦૦ |
| કુલ મળવા પાત્ર રકમ આશરે | ૫,૪૦,૦૦૦ | ૧૩,૫૦,૦૦૦ |

આપેલ ઉદાહરણમાં બોનસ તથા અંતીમ બોનસની ગણતરી પ્લાન નં. ૮૩૦ ના ૨૦૧૫નાં બોનસ દર મુજબ કરેલ છે જે ફેરફારને આધીન છે.

દર્શાવેલ પ્રીમીયમમાં અકસ્માત તથા અપંગતા બેનીફીટ રાઈડરનો સમાવેશ થાય છે તથા આ પ્રીમીયમ સર્વિસ ટેક્ષ સાથેનું છે.

### પોલીસીનાં લાભો

**પાકતી મુદતે હયાતીમાં**
મુળ વીમા રકમ + બોનસ + અંતિમ બોનસ

**કુદરતી જોખમ**
મુળ વીમા રકમ અથવા વાર્ષિક પ્રીમીયમનાં ૭ ગણા - બે માંથી જે વધુ હોય તે (પરંતુ ભરેલ પ્રીમીયમનાં ૧૦૫% થી ઓછું નહીં) + બોનસ + અંતિમ બોનસ + ટર્મ રાઈડર વીમાની રકમ જો હોય તો.

**અકસ્માત જોખમ**
અકસ્માત વીમાની રકમ + મુળ વીમા રકમ અથવા વાર્ષિક પ્રીમીયમનાં ૭ ગણા - બે માંથી જે વધુ હોય તે (પરંતુ ભરેલ પ્રીમીયમનાં ૧૦૫% થી ઓછું નહીં) + બોનસ + અંતિમ બોનસ + ટર્મ રાઈડર વીમાની રકમ જો હોય તો. (પ્રીમીયમની ગણતરી કોઈપણ ટેક્ષ તથા એકસ્ટ્રા પ્રીમીયમ સીવાય)



Scanned by CamScanner

Scanned with CamScanner